પંડિત દીન દયાલ ગ્રાહક ભંડાર યોજના
(સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો)

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ
ઠરાવ ક્રમાંક/ વભદ/ ૧૦-૨૦૦૨/ ૪૮૭/ક,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-- ૩૦ મી એપ્રીલ-૨૦૦૨

વંચાણે લીધા:--
(૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના વિભાગ ઠરાવ વભદ/૧૦૮૮/૩૭૦૯/ક, તારીખ ૨૦/૬/૮૮
(૨) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના વિભાગ ઠરાવ ક્રમાંક/ વભદ/ ૧૦૯૯/ ૫૫૮૮/ક, તારીખ ૩૦/૧૨/૯૯

ઠરાવ:--

રાજયમાં આર્થિક રીતે નબળા વર્ગનો લોકો તથા દુર્ગમ અને આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકોને આવશ્યક ચીજવસ્તુઓ વાજબી ભાવે અને નિયત પ્રમાણમાં નિયમિત રીતે અને સરળતાથી મળી રહે તે માટે રાજય સરકારે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા --વાજબી ભાવની દુકાનોની યોજના અમલમાં છે તેમાં વખતોવખત લોકહિત અને રાજયના હિતમાં થયેલા સુધારાઓને ઘ્યાને લઈ વિવિધ પરિપત્રો --ઠરાવોથી સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. આમુખમાં દર્શાવેલ આ વિભાગના તારીખ ૩૦/૧૨/૯૯ ના ઠરાવથી આ અંગેની સૂચનાઓ અધ્યતન સ્વરૂપે બહાર પાડવામાં આવેલ છે. પરંતુ રાજયમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે . આથી આ શિક્ષિત બેરોજગારોને પૂરક રોજગારી મળી રહે તે માટે આ યોજનાની સમીક્ષા કરવાનું ઉચિત જણાયું છે. વાજબી ભાવની આ દુકાનોની ફાળવણીમાં રાજયના શિક્ષિત બેરોજગારોને પ્રાધાન્ય મળે તે અત્યંત આવશ્યક છે. આ બાબતને દ્રષ્ટિબિન્દુ સમક્ષ રાખી આ યોજનામાં દુકાન ફાળવણીના અગ્રતાક્રમમાં શિક્ષિત બેરોજગારોને ઉચ્ચ અગ્રતાક્રમ આપવાનો રાજય સરકારે નીતિ--વિષયક નિર્ણય કર્યો છે. કાળજીપૂર્વકની ચકાસણી અને વિચારણાને અંતે આ યોજનાને નીચે મુજબ અધ્યતન સ્વરૂપે જાહેર કરવાનું ઠરાવવામાં આવે છે.

૨. હવેથી આ યોજનાનું નામાભિધાન " પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર " રહેશે.

૩. નવી નીતિ--અનુસાર નવી મંજુર થનાર વાજબી ભાવની દુકાનો ફકત સ્થાનિક--શિક્ષિત બેરોજગારોને જ પૂરક રોજગારી તરીકે મંજૂર કરવાની રહેશે. આ શિક્ષિત બેરોજગાર સ્થાનિક હોય તે ખાસ જોવાનું રહેશે. શિક્ષિત બેરોજગારોમાં સ્નાતક શિક્ષિત બેરોજગારને પ્રથમ અગ્રતા આપ્યા બાદ એસ.એસ.સી અથવા તેની સમકક્ષ બેરોજગાર ઉમેદવારને દુકાન મંજૂર કરવાની રહેશે. આ શિક્ષિત બેરોજગારોમાં પણ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજય સરકારમાં નોકરીમાં અનામતની ટકાવારી છે તે મુજબની ટકાવારી જળવાઈ રહે તે પ્રમાણે જોગવાઈ કરવાની રહેશે.

આ માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

સર્વ પ્રથમ જે ગામોમાં ૫૦ ટકા અથવા વધારે અનુસુચિત જનજાતિની વસ્તી છે તેવા ગામોમાં ફકત અનુસુચિત જનજાતિના શિક્ષિત બેરોજગારને વાજબી ભાવની દુકાન મંજુર કરવાની રહેશે. જયારે તે સિવાયના વિસ્તારોમાં નીચે પ્રમાણેની ટકાવારી પ્રમાણે ફાળવણી કરવાની રહેશે.

(૧) અનુસુચિત જાતિના શિક્ષિત બેરોજગાર ઉમેદવારોને ૭ ટકા જેટલી વાજબી ભાવની દુકાનો ફાળવવી.,

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (બક્ષીપંચના ) ઉમેદવારોને ૨૭ ટકા જેટલી દુકાનો ફાળવવી.

(૩) આ બે ટકાવારી પૂર્ણ થયા પછી તથા ૫૦ ટકા કરતાં પણ વધુ અનુસુચિત જનજાતિના વસ્તીવાળા ગામોને પૂર્ણ થયા પછી બાકી રહેતા ગામો માટે અન્ય વર્ગના શિક્ષિત બેરોજગારોને વાજબી ભાવની દુકાન ફાળવવી.

(૪) શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતઓને ૩ ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

(૫) ઉકત ટકાવારી માટે તાલુકામાં ખોલવાપાત્ર દુકાનોની સંખ્યાને એક યુનિટ તરીકે ધ્યાનમાં રાખીને ટકાવારીનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે અને તે અંગેનું એક અલગ રજીસ્ટર તાલુકા મામલતદારશ્રીએ નિભાવવાનુ રહેશે અને તેનાં અમલની ખાતરી કલેકટરશ્રીએ કરવાની રહેશે.

(૬) સહકારી મંડળીઓ:–

(ક) વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ/ કેરોસીન ફેરીયાની સહકારી મંડળી,

(ખ) પછાત વર્ગની સહકારી મંડળી,

(ગ) આઝાદીના લડવૈયાઓની સહકારી મંડળી,

(ઘ) માજી સૈનિકોની સહકારી મંડળી,

(ચ) મહિલા સહકારી મંડળી,

(છ) ઈતર સહકારી મંડળી,

(જ) આદિવાસી વિસ્તારમાની સહકારી મંડળીમાં આદિવાસીઓની બહુમતી હોય તો તેવી સહકારી મંડળીઓને આ ઠરાવમાં અગ્રતાક્રમ આપવાનો રહેશે. પરંતુ તેવી મંડળીની આર્થિક સધ્ધરતા અને તેની સર્વગ્રાહકી કામગીરીમાં કશું વાંધાજનક કે ઉણપો હોવી જોઈએ નહી.

૪. <u>આ નવી નીતિ મુજબની ટકાવારી હવે પછી નવી મંજૂર થનાર દુકાનોને જ લાગું પડશે</u> તેમાં હાલની કાર્યરત દુકાનોના અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ કે સામાજીક અને શૈક્ષણીક રીતે પછાતના દુકાન ધરાવનારાઓની સંખ્યાને ધ્યાનમાં લેવાની રહેશે નહી. ઉપરાંત, હાલ જે સહકારી મંડળીઓને વાજબી ભાવની દુકાનની ફાળવણી કરવામાં આવી છે તેને આ નીતિથી કોઈ અસર થશે નહી.

૫. આ ઉપરાંત નવી નીતિમાં નીચેની બાબતો પણ ધ્યાનમાં લેવાની રહેશે.

(૧) હાલની વાજબી ભાવની દુકાનો મંજૂર કરવામા ગ્રામ્ય વિસ્તારમાં મહેસુલી ગામને યુનિટ ગણવાનું રહેશે અને દરેક મહેસુલી ગામે દુકાન ખોલવાની રહેશે. જયારે શહેરી વિસ્તારમા ૫૦૦૦ ની જનસંખ્યાનું ધોરણ ચાલુ રહેશે.

(૨) દુકાન મંજુર કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીની રહેશે.. જિલ્લા કલેકટરશ્રી દુકાન મંજૂર કરતાં પહેલાં દરેક ગામ માટે આવી દુકાનો માટેની અરજીઓની ચકાસણી તાલુકા મામલતદાર મારફતે કરાવવાની રહેશે અને તેના ઉપર જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના ભલામણ મેળવીને આ દુકાન મંજૂર કરવાની રહેશે. વાજબી ભાવની આ દુકાનો મંજૂર કરવા માટે તાલુકા પુરવઠા સલાહકાર સમિતિ અને જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની જે સત્તાઓ આપવામાં

–૩–

આવી હતી તે હવેથી રદ ગણવાની રહેશે અને ફકત આ બંને સલાહકાર સમિતિઓને આ નીતિ હેઠળ મંજૂર થયેલ વાજબી ભાવની દુકાનો મંજૂર કર્યા પછી તેની જાણ કરવાની રહેશે.

(૩) ફાળવણીની અન્ય પ્રક્રિયા જેવી કે જાહેરાત કરવી, અરજીઓ મંગાવવી વગેરે અગાઉ મુજબ રહેશે.

૬. રાજય સરકાર સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ચોકકસ ફરીયાદ/ રજુઆત કે વિશિષ્ટ સંજોગોમા કોઈપણ કેસના કાગળો મંગાવી તેની સમીક્ષા કરી શકશે અને યોગ્ય જણાય તેવો હુકમ કરી કરશે.

૭. આ યોજનાને લગતી આનુષાંગિક બાબતો અંગેની સૂચનાઓ હવે પછી રવાના કરવામાં આવશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એન.પટેલ)
ઉપસચિવ
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના વિભાગ,
ગુજરાત સરકાર,

પ્રતિ,
૧.સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
૨.સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ,
૩.અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદશહેર,
૪.નાયબ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદશહેર,
૫.સર્વે મામલતદારશ્રીઓ/ મહાલકારીશ્રીઓ,

નકલ જાણ સારૂં રવાના:-
૧.માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર ધ્વારા)
૨.માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
૩.અગ્રસચિવશ્રી,મહેસુલના અંગત સચિવશ્રી,મહેસુલ વિભાગ,ગાંધીનગર,
૪.સચિવશ્રી,સહકારના અંગત સચિવશ્રી,ગાંધીનગર,
૫.અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી, (અન્ન અને નાગરિક પુરવઠા), સચિવાલય,ગાંધીનગર,
૬.અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી(મહેસુલ)નું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર,
૭.સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર,
૮.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર,
૯.અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર) નું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર,
૧૦.સચિવશ્રીના અંગત સચિવશ્રી,અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ,ગાંધીનગર,
૧૧.નિયામકશ્રી,નાગરિક પુરવઠા અને સંયુકત સચિવશ્રી,અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
૧૨.અન્ન નિયામકશ્રી અને સંયુકત સચિવશ્રી,અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ,ગાંધીનગર,
૧૩.નિયામકશ્રી,નાગરિક પુરવઠા (તપાસણીશાખા) સચિવાલય,ગાંધીનગર,
૧૪.મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.,ગાંધીનગર,
૧૫.નાણાં વિભાગ (ક શાખા) સચિવાલય,ગાંધીનગર,
૧૬.નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ અને ગ્રા.બા.નો વિભાગ),નાણાં વિભાગ,ગાંધીનગર,
૧૭.સર્વે અધિકારીશ્રીઓ,અ.ના.પુ અને ગ્રા.બા.નો વિભાગ,સચિવાલય,ગાંધીનગર,
૧૮.વિભાગની સર્વે શાખાઓ(અ,બ,ડ,ઈ,ફ વિશેષ શાખા)
૧૯.સીલેકટ ફાઈલ